# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

***************************************************

1. બ્રિક્સ પર્યાવરણ મંત્રીઓનું સંમેલન પૂર્ણ - આજે બ્રિક્સ યુવા પરિષદ અને યુવા સમિટનો ગાંધીનગર ખાતે પ્રારંભ થશે.
2. સરકારે દેશમાં PNG કનેક્શન વધારવા માટે એક પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી.
3. રાષ્ટ્રીય તપાસ સમિતિ -- NTA એ 600 નિષ્ણાતોને દૂર કરી નવી પરીક્ષા ટીમ બનાવી.
4. ઝારખંડ સરકારે 44 ભરતી પરીક્ષાઓ રદ કરી.
5. ઇન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ભારતના જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ વધારીને ૬.૮ ટકા કર્યો.
6. FIH પુરુષ હોકી વિશ્વ કપમાં આજે ભારતનો પાકિસ્તાન સામે મુકાબલો.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# BRICKS

બ્રિક્સ રાષ્ટ્રોએ પર્યાવરણીય સંરક્ષણ અને ટકાઉ વિકાસ પર સહયોગને મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

ગઈકાલે નવી દિલ્હીમાં 12મી બ્રિક્સ પર્યાવરણ મંત્રીઓની બેઠકના સમાપન પર અપનાવવામાં આવેલા સંયુક્ત મંત્રી સ્તરીય નિવેદનમાં બ્રિક્સ રાષ્ટ્રોએ 2030ના ટકાઉ વિકાસ એજન્ડા, ક્લાયમેટ ચેન્જ પર સંયુક્ત રાષ્ટ્ર ફ્રેમવર્ક કન્વેન્શન અને તેના પેરિસ કરારના સંપૂર્ણ અને અસરકારક અમલીકરણને આગળ વધારવાની તેમની પ્રતિબદ્ધતાને પણ પુનરોચ્ચાર કરાયો.

દરમિયાન બે દિવસીય બ્રિક્સ યુવા પરિષદ બેઠક અને બ્રિક્સ યુવા સમિટ નો આજે ગાંધીનગર ખાતે પ્રારંભ થશે આ સમિટ યુવાનોને વિચારોનું આદાનપ્રદાન કરવા, ઉકેલો દર્શાવવા અને વ્યાપક બ્રિક્સ પ્રક્રિયામાં વિચારણા માટે ભલામણો વિકસાવવા માટેનું એક મંચ પૂરું પાડશે.

# AMITSHAH-TN-VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સાંજે તમિલનાડુના બે દિવસના પ્રવાસે ચેન્નાઈ પહોંચશે. તેઓ આવતીકાલે ચેન્નાઈ નજીક કોવલમમાં દક્ષિણ ભારતીય મુખ્યમંત્રીઓના સંમેલનમાં હાજરી આપશે. આ સંમેલનમાં તમિલનાડુ, કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને પુડુચેરીના મુખ્યમંત્રીઓ ભાગ લેશે.

# GOVERMENT-PNG

સરકારે ઘરેલુ PNG કનેક્શન વધારવા માટે એક પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે. આ યોજના પે હલી સપ્ટેમ્બરથી અમલમાં આવશે.

સાંભળીએ આ અંગે અહેવાલ

**(બાઈટ – ચાહત )**

*(पेट्रोलियम और प्राकृतिक गैस मंत्रालय के अनुसार योजना के माध्यम से मौजूदा पीएनजी कनेक्शनों को अपने रसोई घरों में पाइपलाइन वाली प्राकृतिक गैस का इस्तेमाल शुरू कर सकेंगे। वर्तमान में देशभर में करीब 1 करोड़ 74 लाख घरेलू पीएनजी कनेक्शन हैं। योजना के अंतर्गत पात्र सीजीडी कंपनियों को प्रदर्शन अवधि के दौरान जोड़े गए हर अतिरिक्त घरेलू पीएनजी कनेक्शन के लिए 200 स्टैंडर्ड क्यूबिक मीटर अतिरिक्त घरेलू स्तर पर उत्पादित कम कीमत वाली गैस आवंटित की जाएगी। आनंद और शिवांग की रिपोर्ट के साथ समाचार कक्ष से चाहत सिंह।)*

# NTA-REVAMP

રાષ્ટ્રીય તપાસ સમિતિ - NTA એ 600 નિષ્ણાતોને દૂર કરીને અને નવા નિષ્ણાતોને સામેલ કરી નવી પરીક્ષા ટીમ બનાવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે પરીક્ષાના પેપરોની ચકાસણીને મજબૂત બનાવવા ચાર-સ્તરીય પ્રશ્નપત્ર ચકાસણી પ્રણાલી મૂકવામાં આવશે. સમિતિ આગામી બે થી ત્રણ અઠવાડિયામાં 20-25 અધિકારીઓને પણ સામેલ કરશે. વધુમાં, NTA ઓફિસોને નવા પરિસરમાં ખસેડવામાં આવશે, જ્યાં CISF ટીમો સાથે સુરક્ષા મજબૂત કરવામાં આવશે.

સમિતિએ શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીના નિર્દેશ બાદ આ નિર્ણય લીધો હતો, જેમણે પરીક્ષાઓનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા માટે તમામ પગલાં લેવા જણાવ્યું હતું.

# JHARKHAND-EXAM

ઝારખંડ સરકારે ગેરરીતિઓને કારણે રદ કરાયેલી 44 ભરતી પરીક્ષાઓની યાદી જાહેર કરી છે. આમાં 2014 થી ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન અને આઉટસોર્સ્ડ એજન્સી TSR ડેટા પ્રોસેસિંગ પ્રાઇવેટ લિમિટેડ (TDPL) દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

ઝારખંડ સરકારના નોટિફિકેશનમાં જણાવાયું છે કે ગેરરીતિઓ સાથે સંકળાયેલા કેસોની સુનાવણી માટે હાઇકોર્ટને ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરવા વિનંતી કરવામાં આવશે. વધુમાં, JPSC અને JSSCમાં એક આંતરિક તકેદારી સેલની સ્થાપના કરવામાં આવશે.

સિનિયર IAS અધિકારી અમિતાભ કૌશલની આગેવાની હેઠળની સમિતિ બે મહિનાની અંદર તેનો અહેવાલ રજૂ કરશે.

# MANIPUR

મણિપુર સરકારે રાજ્યમાં રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC) અપડેટ કરવાની માંગણી જાહેર કરી, જેમાં વસ્તી વિષયક ફેરફારો, વસ્તી વિષયક અસંતુલન અને ગેરકાયદેસર સ્થળાંતર અંગે ચિંતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો. ઇમ્ફાલમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, સરકારી પ્રવક્તા અને ધારાસભ્ય ડૉ. સપમ રંજન સિંહે જણાવ્યું હતું કે, ધારાસભ્યોની એક ટીમ માર્ગદર્શન મેળવવા માટે નવી દિલ્હીની મુલાકાત લેશે. તેમણે કેન્દ્ર સરકારને મણિપુરમાં NRC અપડેટ કરવા વિનંતી કરી છે.

ડૉ. રંજને જણાવ્યું હતું કે રાજ્ય સરકાર NRC અને વસ્તી ગણતરી સંબંધિત મુદ્દાઓ પ્રત્યે ગંભીર છે. સરકાર નાગરિક સમાજ સંગઠનો અને મણિપુરના લોકોની માંગણીને સ્વીકારે છે કે, વસ્તી ગણતરી પહેલાં NRC હાથ ધરવામાં આવે. તેમણે જણાવ્યું હતું કે સરકાર આ મુદ્દો કેન્દ્ર સરકાર સમક્ષ ઉઠાવવાનું ચાલુ રાખશે

# INDIA RATINGS AND RESEARCH

ઇન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચે નાણાકીય વર્ષ 2026-27 માટે ભારત માટે GDP વૃદ્ધિનો અંદાજ વધારીને 6.8 ટકા કર્યો છે, જે મે મહિનામાં 6.7 ટકા હતો. જોકે, રેટિંગ એજન્સીએ નોંધ્યું છે કે અલ નીનો હવામાન અને ભૂ-રાજકીય પડકારો આર્થિક વિકાસને અસર કરી શકે છે. એજન્સીએ નાણાકીય વર્ષ 2026-27 માટે ક્રૂડ ઓઇલના ભાવનો અંદાજ પણ ઘટાડીને 85ડોલર  પ્રતિ બેરલ કર્યો છે.

# TRUMP-IRAN-TALKS

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની ટીમને હાલ પૂરતું ઈરાન સાથેની વાટાઘાટો બંધ કરવા કહ્યું છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી ઈરાન કોઈ કરાર પર સંમત ન થાય ત્યાં સુધી વાટાઘાટો આગળ વધશે નહીં. હોર્મુંઝ સામુદ્રધુની પર બંને દેશો વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે આ ઘટનાક્રમ સામે આવ્યો છે.

દરમિયાન, ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘર ગાલિબાફે જણાવ્યું હતું કે, અમેરિકા સાથેના 14-મુદ્દાના કરારની શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી હોર્મુંઝ ફરીથી ખોલવામાં આવશે નહીં.

આ અંગે સાંભળીએ એક અહેવાલ

## (બાઈટ – વૈષ્ણવી)

*ईरान का कहना है कि विदेशी प्रतिबंधों को पूरी तरह हटाए जाने और सैन्य अभियानों को समाप्त किए जाने के बाद ही इस महत्वपूर्ण जलमार्ग को खोला जा सकता है। मोहम्मद बागेर गालिबफ ने चेतावनी देते हुए कहा कि उनका देश दुश्मन को उसके कार्यों और आक्रामकता के लिए करारा जवाब देने के लिए तैयार है। मोहम्मद बागेर गालिबफ ने राजनयिक प्रक्रिया का बचाव करते हुए कहा कि सैन्य शत्रुता को रोकने के लिए समझौता ज्ञापन में दी गई 60 दिनों की समय सीमा ने ईरान की राष्ट्रीय रक्षा और घरेलू अर्थव्यवस्था को मजबूत करने का एक महत्वपूर्ण अवसर प्रदान किया है।)*

# ISARAIEL-IRAN

ઇઝરાયલે સીરિયાના ઇદલિબ પ્રાંતમાં અબુ દુહુર એરબેઝ પર હવાઈ હુમલો કર્યો છે. ઇઝરાયલે જણાવ્યું હતું કે આ હુમલાઓનો હેતુ એરબેઝ પર તુર્કી સૈનિકોની તૈનાતી અટકાવવાનો હતો. એરબેઝના રનવે પર આઠ હુમલા કરવામાં આવ્યા હતા, જોકે કોઈ જાનહાનિ થઈ નથી.

ઇઝરાયલી પ્રધાનમંત્રી  બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે જણાવ્યું હતું કે સીરિયાએ એરબેઝ પર તુર્કી સૈનિકોની તૈનાતીને મંજૂરી આપીને હાલના સુરક્ષા કરારોનું ઉલ્લંઘન કરવાનો પ્રયાસ કર્યો છે. ઇઝરાયલનું કહેવું છે કે આવી તૈનાતી તેની સુરક્ષા માટે ખતરો છે.

આ દરમિયાન, સીરિયાના વિદેશમંત્રી  અસદ અલ-શિબાનીએ આ હુમલાને ઉશ્કેરણી અને સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું. તેમણે ચેતવણી આપી હતી કે તે પ્રાદેશિક અને વૈશ્વિક સ્થિરતાને જોખમમાં મૂકી શકે છે.

# HOCKEY-WORLDCUP

હોકીમાં, ભારતીય પુરુષ ટીમ આજે નેધરલેન્ડના એમ્સ્ટલવીનમાં FIH પુરુષ હોકી વર્લ્ડ કપના પૂલ D મેચમાં પાકિસ્તાનનો સામનો કરશે.

**(બાઈટ – અર્જુન સ્પોર્ટ્સ )**

*नीदरलैंड्स में एफआईएच हॉकी विश्व कप के पूल डी में आज भारत का सामना पाकिस्तान से होगा। दोनों टीमों के लिए अगले दौर में जगह बनाने के लिए यह मुकाबला महत्वपूर्ण है। भारत ने अब तक दो मैचों से तीन अंक हासिल किए हैं और उसे अगले दौर में पहुंचने के लिए आज का मैच कम से कम ड्रॉ खेलना होगा। भारत ने वेल्स को हराया है और इंग्लैंड से हार का सामना करना पड़ा है।)*

# TEST-SRILANKA-INDIA

ક્રિકેટમાં, ભારત ગાલે ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ટેસ્ટના પાંચમા અને અંતિમ દિવસે જીતથી ફક્ત છ વિકેટ દૂર છે અને આજે શ્રેણી જીતવાના લક્ષ્ય સાથે રમતમાં ઉતરશે

શ્રીલંકા 84 રનથી ચાર વિકેટે પોતાનો બીજો દાવ શરૂ કરશે, જીત માટે હજુ 288 રનની જરૂર છે. માનવ સુથારે બે વિકેટ , જ્યારે મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણાએ એક-એક વિકેટ લીધી છે. ભારતને મેચ જીતવા માટે ફક્ત છ વિકેટની જરૂર છે.

અગાઉ, ભારત પોતાની બીજી ઇનિંગમાં 193 રનમાં આઉટ થઈ ગયું હતું. ઋષભ પંતે 69 બોલમાં આઠ ચોગ્ગા અને બે છગ્ગા ફટકારીને ઝડપી 66 રન બનાવ્યા હતા. તેઓ ટેસ્ટ ક્રિકેટમાં 100 છગ્ગા ફટકારનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બન્યા છે. દેવદત્ત પડિકલે 44 રન બનાવ્યા હતા, જ્યારે કેએલ રાહુલે 35નું યોગદાન આપ્યું હતું. ભારતના બીજા ઇનિંગના કુલ સ્કોરે શ્રીલંકાને 372 રનનો ભયંકર લક્ષ્યાંક આપ્યો હતો.

# UNDER-18 ASIA CUP BASKETBALL

અમદાવાદ ખાતે ચાલી રહેલી અંડર-૧૮ એશિયા કપ બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં ભારત કઝાકિસ્તાનને હરાવીને ભારત પ્રિ-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યું છે.

ફિબા અંડર-૧૮ મેન્સ એશિયા કપ બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં ભારતે પ્રથમ જીત હાંસલ કરતા કઝાકિસ્તાનને ૮૨-૬૧થી હરાવ્યું હતું . ભારત તરફથી પિયુષ ચૌધરીએ ૨૫, અંશ તોમરે ૧૭ અને અરમાને ૧૩ પોઇન્ટ્સ નોંધાવ્યા હતા. ગુજરાતના રોનાલ્ડો હોફિન્સે બે પોઇન્ટ્સનો ફાળો આપ્યો હતો.આ સાથે ભારતે પ્રિ-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે . હવે ભારત અને ઇરાન વચ્ચે ૨૦મી ઓગસ્ટે મુકાબલો થશે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકિતા શાહ

- આજના મોટાભાગના અખબારોએ રામ મંદિર દાન ચોરી કેસમા ચંપત-મિશ્રાને મળેલી ક્લિન ચીટના સમાચારને હેડલાઈન બનાવી છે..
- નવગુજરાત સમય લખે છે રામ મંદિર દાન ચોરી- ચંપત-મિશ્રાને ક્લીન ચીટ.. ભાજપે યુપી, પંજાબ અને ગુજરાતમાં નવા પ્રભારીઓની નીમણુંક કરી...ડોનાલ્ડ ટ્રમ્પે નક્શો બતાવી એલાન કર્યું, અમેરિકાનો નવો પ્રદેશ, હોર્મુઝની ખાડી...
- ફુલછાબ પ્રથમ પાને લખે છે મથુરા વિવાદમા સમાધાનની શક્યતા ઉપર પૂર્ણવિરામ,,,,,,,,,, હોર્મુઝ અમેરિકાનો નવો વિસ્તાર.... ચડાવાચોરીમા ચંપત રાયને ક્લીનચીટ...........
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે નીટ પ્રદર્શન-પોલીસની કડકાઈની તપાસ હવે હાઈ પાવર્ડ કમિટી કરશે...
- સંદેશની મુખ્ય શિર્ષક છે ટ્રમ્પે ભારતની ચૂંટણી પદ્ધતિના ભરપેટ વખાણ કર્યા...
- સ્થાનિક સમાચારો નર્મદા પ્લસ વન- સાબરમતી, નર્મદા, મહી અને ઢાઢર નદીમા પટમા 22 વિયરથી પાણી રોકાશે,,,,,,,સીએનજી ફરી મોંઘુ બન્યુ-ગુજરાત ગેસે કિલોએ 3.75 રૂપિયાનો વધારો ઝીંક્યો,,,,,,,,,,,,,,રાજકોટ, મોરબી, ગાંધીધામ અને મુન્દ્રાના 26 સ્થળોએ આવકવેરા વિભાગના દરોડા આ સમાચારો વાંચવા મળી રહ્યા છે..